ગાંધીનગર સમાચાર

પીઆઇ-પીએસઆઈની ચેમ્બરમાંથી એરકંડીશન કાઢી નાખવા હૂકમ



ગુડી પડવો - ચૈત્ર સુદ-૧ મરાઠી સમાજનો નવા વર્ષનો પ્રારંભ.... ગુડી પડવાને વર્ષ પ્રતિપદા તરીકે પણ ઓળખાય છે... કોઈપણ શુભ કાર્ય માટે ગુડી પડવો વણજોયુ મુહૂર્ત છે... મહારાષ્ટ્રીયન પરિવારો આંગણમાં પાંડવોની પ્રતિકૃતિ રચી ચોખ્ખા પાણીથી લાકડીને ધોઈ, તેલ લગાવી આસપાસ સુંદર રંગોળી પુરે છે... 'ગુડી'નું પૂજન-અર્ચન કરાય છે અને હળદર, કંકુ લગાવી શુકન કરાય છે... શહેરમાં મહારાષ્ટ્રીયન પરિવારોએ ભાવપૂર્વક પૂજન - અર્ચન કરી પરસ્પર નવ વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી....

# શહેરમાં પાણીનો વપરાશ વધ્યો : સપ્લાય વધારવા માંગ

## ગરમીના દિવસોમાં તંત્ર દ્વારા એપ્રિલના અંતમાં ૧૦ એમ એલ ડી સપ્લાય વધારવામાં આવે છે : ગરમી પ્રકોપને ધ્યાને લઇ સપ્લાય વધારવા આમ નાગરિકોની માંગ

ગાંધીનગર તા ૨૮

આકરી ગરમીથી જનજીવન પ્રભાવિત થયુ છે. ગરમીએ હદ વટાવતા નગરજનો પરેશાન છે. ત્યારે આકરી ગરમીમાં ઠંડક આપતા પાણીનો વપરાશ પણ વધ્યો છે. પરંતુ શહેરને રોજબરોજ અપાતા પાણી પુરવઠામાં હજુ સુધી કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ગરમીના દિવસોમાં સામાન્ય રીતે એપ્રિલના બીજા સપ્તાહ દરમિયાન પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે. પરંતુ આ વર્ષે ગરમીનો મિજાજ અત્યારથી જ ઉગ્ર બનતા સેકટરોમાં વધતા વપરાશના લીધે પાણીની બુમ ઉઠવા પામી છે.જેને ધ્યાને લઈ પાણીનો સપ્લાય વધારવા માટે પણ પ્રબળ માંગ પ્રવર્તી છે.

ચૈત્ર આકાશે ચઢ્યો છે. ગરમીનો પારો ૪૩ ડી ગ્રીને પાર થઈ જતા આકાશમાંથી દિનભર વરસતા અંગારાએ જનજીવનને ગરમી પ્રકોપની ગિરફતમાં લઈ લીધુ છે. ત્યારે નાગરિકો કામ સિવાય ઘરની બહાર જવાનુ પસંદ કરતા નથી. ઉનાળો ઉગ્ર બનતા શહેરમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. દરવર્ષે એપ્રિલ મહીનામાં પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે.પરંતુ આ વખતે માર્ચના અંતમાં જ ગરમી આક્રમક બનતા સેકટરોમાં પાણીનો વપરાશ વધી ગયો છે.

જેના પરિણામે સેકટરોમાં પાણીની બુમ ઉઠવા પામી છે. તંત્ર દ્વારા હાલ જુના અને નવા સેકટરોમાં શિયાળાની જેમ ૪૬ એમ એલ ડી પાણીનો સપ્લાય આપવામાં આવે છે. જયારે ગરમીના દિવસોમાં દરવર્ષે આ સપ્લાયમાં ૧૦ એમ એલ ડી નો વધારો કરી દેવામાં આવે છે. અલબત્ત ગરમીના દિવસોમાં શહેરીજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે પ્રતિદિન ૫૭ એમ એલ ડી પાણી સપ્લાય આપવામાં આવે છે. જો કે તંત્ર દ્વારા ગરમીના દિવસોમાં પાણીની જરૂરિયાતને સંતોષવા માટે એપ્રિલ મહીનાના મધ્યમાં પાણીનો સપ્લાય વધારી દેવામાં આવે છે. પરંતુ આ વર્ષે ગરમીનો પારો માર્ચના અંતિમ

● અનુસંધાન પાન-૭ પર



ગરમી-ગરમી.... - ઉનાળાના પ્રથમ દિવસે જ ગરમીએ આકરો મીજાજ બતાવતા શહેરીજનો અકળામણ અનુભવતા હતા... તીવ્ર ગરમીની અસર શહેરના જનજીવન પર વર્તાતી હતી... રાહદારીઓ, દ્વિચક્રી વાહન ચાલકો ગરમીથી બચવા રૂમાલની બુકાની બાંધી નજરે પડતા હતા... જ્યારે ગરમીથી રાહત મેળવવા નગરજનોએ શેરડીનો રસ, ઠંડી છાશ અને લીંબુ શરબત જેવા ઉપાયો અજમાવ્યા હતા...

# હીટવેવને પગલે ઉનાળુ વાવેતર ઘટવાના સંકેતો

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં પ્રસરેલા હીટવેવને પગલે ઉનાળુ વાવેતર ધીમુ પડી ગયુ છે અને આ વખતે ૨૫ હજાર હેક્ટર જેટલુ વાવેતર નોંધાય તો પણ તે એક સિદ્ધિ સમાન ગણાશે.

ગાંધીનગર જિલ્લામાં ચૈત્રના પ્રારંભ પૂર્વે જ હીટવેવ જે રીતે વ્યાપ્યો છે તેનાથી ખેડૂતો પણ મૂંઝવણમાં મુકાઈ ગયા છે. હીટવેવને પગલે ખેડૂતોના વાવણી કાર્ય પર તેની અસરો જોવા મળી રહી છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૭ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં જ વાવેતર થયુ છે.

૧૦મી એપ્રિલ સુધી સામાન્યતઃ ઉનાળુ વાવેતર જિલ્લામાં થતુ હોય છે. રવિ સીઝનનો પાક લેવાની કામગીરી હાલ ગતિમાં છે અને મજૂરો તેમજ ખેડૂતો તેમાં વધુ વ્યસ્ત છે. બીજી તરફ ચૈત્રના આરંભ પૂર્વે જ જે રીતે ગરમીનો પ્રકોપ જોવા મળ્યો છે તેને પગલે ખેડૂતોએ વાવણીનું કાર્ય ધીમુ કરી દીધુ છે.

જિલ્લામાં આમેય જળસ્ત્રોત ઓછા છે તેમજ સિંચાઈની સુવિધાનું પ્રમાણ ઘણુ ઓછુ છે. ઓવર એક્સપ્લોઈરેશન ભૂગર્ભ જળનું થઈ રહ્યુ છે તે વાતને કારણે ખેતીને પણ પુરતા પ્રમાણમાં પાણી આવવુ શક્ય નથી.

જિલ્લામાં ઉનાળુ વાવેતર ૩૫ હજારથી ૪૦ હજાર હેક્ટર સુધી સામાન્યતઃ નોંધાતુ હોય છે પણ જે રીતે હીટવેવ ઉનાળાના આરંભથી જ શરૂ થયો છે તે જોતાં આ વખતે ૨૫ હજાર હેક્ટર સુધી વાવેતરનો આંકડો સીમીત રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ઉનાળુ વાવેતરમાં પણ બાજરી, મગ, શાકભાજી તેમજ મગફળીના પાક ઉપરાંત ઘાસચારાનું જ વાવેતર નોંધાયુ છે. ગરમીનો પ્રકોપ જોતાં પશુધન માટે ઘાસચારાનું વાવેતર એ જ ખેડૂતોની પસંદ બન્યુ છે.

# પીઆઇ-પીએસઆઈની ચેમ્બરમાંથી એરકંડીશન કાઢી નાખવા હૂકમ

## ગાંધીનગર જિલ્લામાં મોટાભાગના પોલીસ સ્ટેશનોમાં થાણા ઈન્ચાર્જની ચેમ્બરમાં એસી છે : સરકારી ગાડી એસી વગરની હોવાથી પેટ્રોલીંગ કરવાનું પણ ટાળતા હોય છે

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય પોલીસ વડાએ તમામ જિલ્લાઓના પોલીસ વડાઓને પોતાના તાબામાં સમાવિષ્ટ પોલીસ સ્ટેશનોમાં થાણા ઈન્ચાર્જોએ ચેમ્બરમાં લગાવેલા એસી તાત્કાલીક દૂર કરાવવા હૂકમ જારી કર્યા છે. ગાંધીનગર જિલ્લામાં એજન્સીઓ અને મોટા ભાગના પોલીસ સ્ટેશનોમાં પીઆઈ-પીએસઆઈની ચેમ્બરમાં એસી લાગેલા છે. ડીજીપીના આ હૂકમથી પીઆઈ, પીએસઆઈ એસી દૂર કરવા ગતિવિધિ તેજ કરી દીધી છે.

મોટા ભાગના પોલીસ સ્ટેશનોના થાણા ઈન્ચાર્જ દ્વારા પોલીસ સ્ટેશનમાં જાહેર જનતાના સૌજન્યથી કે અનધિકૃત રીતે એર કંડીશનર લગાડવામાં આવ્યા છે. પીઆઈ-પીએસઆઈ કક્ષાના અધિકારીઓની કચેરીમાં એસીની સગવડ નિયમો મુજબ મળવા પાત્ર નથી. આ ઉપકરણ વાપરવાથી સરકાર ઉપર વિજળી ખર્ચનું ભારણ પણ વધ્યુ છે. તે ઉપરાંત એસી લગાડવામાં આવ્યા હોવાથી ઘણા ખરા થાણા ઈન્ચાર્જ પોતાના કે સરકારી વાહનમાં એસી ન હોવાને કારણે પેટ્રોલીંગ કરવા જવાનુ પણ ટાળતા હોવાનું ડીજીપીના ધ્યાને આવ્યુ હતુ. તેમજ ગુનાખોરી ઉપર અંકુશ રાખવા તથા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરજ માટે મુકાયેલા પોલીસ જવાનો ઉપર અસરકાર અવેક્ષણ અર્થે થાણા ઈન્ચાર્જ પેટ્રોલીંગ કરતા થાય તે માટે તાત્કાલિક અસરથી તેમના ચેમ્બરમાંથી એસી દૂર કરાવવા ડીજીપીએ હૂકમ કર્યો છે. પોલીસ સ્ટેશનનું નામ, એસી ગોઠવ્યાની તારીખ, એસીની કિંમત ચુકવનાર સંસ્થા કે વ્યક્તિનું નામ અને એસી દૂર કરાવ્યાની તારીખની યાદીનો રીપોર્ટ પણ ડીજીપીએ માંગ્યો છે. નોંધનીય બાબત છે કે ગાંધીનગર જિલ્લાના મોટાભાગના પોલીસ સ્ટેશનના થાણા ઈન્ચાર્જની ચેમ્બરમાં એસી લાગેલા છે. જે હવે કઢાવી ડીજીપીને રીપોર્ટ કરવા પડશે.

# હાઈટેક આર.ટી.ઓ. કચેરીમાં વાહન ફોર વર્ઝન અરજદારો માટે શિરદર્દ

## આર.ટી.ઓ. કચેરીમાં નવ દિવસ સુધી કામગીરી ખોરવાઇ : નવુ સોફ્ટવેર કાર્યરત થયા બાદ સમસ્યા વધુ જટીલ બની : અરજદારો ધુંઆપુંઆ

ગાંધીનગર તા ૨૮

નગરની હાઈટેક આર ટી ઓ કચેરીમાં કાર્યરત વાહન ફોર વર્ઝનના સોફટવેરમાં વાહન નોંધણી તેમજ ટ્રાન્સફર સહીતની તમામ કામગીરી સંદર્ભની પ્રક્રીયા વધુ જટીલ બની હોવાનો સુર ઉઠવા પામ્યો છે. છેલ્લા નવ દિવસથી વાહન ફોર કાર્યરત કરવા માટે ચાલતી પ્રક્રીયાના લીધે અરજદારોને ભારે પરેશાની વેઠવી પડી હતી. જયારે નવુ સોફ્ટવેર કાર્યરત થયા બાદ અરજદારોની મુશ્કેલી હળવી થાય તેવા આશાવાદ પર પાણી ફરી વળ્યુ હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે.

શહેરની મોડેલરૂપ આર ટી ઓ કચેરી અવારનવાર અરજદારો માટે મુંઝવણનુ કારણ બને છે. છાશવારે કચેરીમાં સર્વર ડાઉન થતા સઘળી કામગીરી અટવાઈ જતા અરજદારોને ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં ગત તા ૧૮ માર્ચથી વાહન -ફોર નામનુ નવુ વર્ઝન ફીટ કરવાની કાર્યવાહી ચાલી રહી હતી. જયારે આ પ્રક્રીયામાં લાંબો સમય જતા આ દિવસોમાં આર ટી ઓ કચેરીમાં કામ અર્થે આવતા અરજદારોના કામ પણ અટવાયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# આજે ભાજપનું વિજય વિશ્વાસ સંમેલન

## લાખોની સંખ્યામાં કાર્યકરો પહોંચે તેવી સંભાવના : રિવરફ્રન્ટ પર આયોજિત ખાસ વિજય વિશ્વાસ કાર્યક્રમમાં અમિત શાહનું સ્વાગત કરાશે

અમદાવાદ,તા. ૨૮

ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સહિત પાંચ રાજ્યોમાં શાનદાર



દેખાવ કર્યા બાદ આવતીકાલે સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ઉપર યોજાનાર વિજય વિશ્વાસ સંમેલન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આમા હજારો કાર્યકરો ઉમટી પડે તેવી શક્યતા છે. લાખો લોકો પહોંચનાર છે. કેસરિયો માહોલ સર્જાશે. અમિત શાહ પાંચેય રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીના શાનદાર દેખાવ બાદ પ્રથમવાર ગુજરાત પહોંચી રહ્યા છે. કર્ણાવતી મહાનગર શહેર સંગઠન પ્રમુખ જગદીશભાઈ પંચાલના જણાવ્યાનુસાર આવતીકાલે ૨૯મી માર્ચે ગુજારતના પનોતા પુત્ર અને લોકલાડીલા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગુજરાતમાં પધારી રહ્યા છે. તાજેતરમાં યોજાયેલ પાંચ રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓમાં ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં ભાજપની ઐતિહાસિક જીતના શિલ્પી અને કુશળ સંગઠનકાર અમિત શાહ પાંચેય રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીના પ્રભાવી દેખાવ પછી પ્રથમવાર ગુજરાતમાં પધારી રહ્યા છે. કર્ણાવતી મહાનગરના એરપોર્ટ ઉપર યુવા મોરચાના યુવાનો તથા મહિલા કાર્યકરો દ્વારા માનવ સાંકળ રચીને રાષ્ટ્રીય અધ્યક્ષનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. સાબરમતી રિવરફ્રન્ટ ઉપર યોજાનાર વિજય વિશ્વાસ સંમેલન માટે ગુજરાતના ખુણે ખુણેથી પેજ પ્રમુખથી માંડીને બુથ લેવલ સુધીના હજારો કાર્યકરો ઉમટી રહ્યા છે. આ સંમેલનમાં રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહનું માર્ગદર્શન અને પ્રેરણા હજારો કાર્યકરોને પ્રાપ્ત થવાના છે. સમગ્ર કર્ણાવતી મહાનગરમાં ખુણે ખુણે તથા જાહેર ચાર રસ્તાઓ ઉપર સંગઠનના ઉત્સાહી કાર્યકરો તથા નાગરિકો દ્વારા ધ્વજા, પતાકાઓ, ફ્લેક્ષ બેનરો તથા તોરણો સાથે એક અનોખો રાષ્ટ્રવાદી કેસરિયા વાતાવરણનું નિર્માણ થયું છે. કર્ણાવતી મહાનગરમાં અનેક વોર્ડમાંથી યુવાનો બાઈક રેલી દ્વારા સરઘસકારે તથા સંગીતના બેન્ડ સાથે, ઢોલ નગારા, ત્રાંસા અને શરણાઈઓના સુરે સાથે ભાગ લેવા થનગની રહ્યા છે. સંમેલનના સ્થળે ગરમીની ઋતુને અનુલક્ષીને કાર્યકરો માટે ઠંડા પાણી, છાશ તથાશીઘ્ર અલ્પાહારની સંગઠન દ્વારા પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. શહેર પ્રમુખના જણાવ્યાનુસાર વૈજ્ઞાનિક ઢબે, પ્રત્યેક મોરચા તથા સેલના અગ્રણીઓ સાથે છેલ્લા ચાર દિવસથી નિરંતર ચર્ચાઓ તથા બેઠકો દ્વારા સૌ કાર્યકરો આ સંમેલનમાં સફળતાપૂર્વક ભાગ લઈ શકે તેવી સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે.

છેલ્લા કેટલાક દિવસથી આની તૈયારી ચાલી રહી હતી. રિવરફ્રન્ટ ખાતે યોજાનારા કાર્યક્રમને લઈને લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે પણ ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

# બે સમિતિઓની પુનઃ રચના માટે પંચાયતની સામાન્ય સભા બોલાવાશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની બે સમિતિઓની પુનઃ રચના તેમજ રેતી-કાંકરીની ગ્રાન્ટ અને અન્ય કામો અંગે આગામી માસમાં વધુ એક ખાસ સામાન્ય સભા યોજવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ખેતીવાડી, ઉત્પાદન અને સરકાર સમિતિ તેમજ મહિલા બાળ વિકાસ સમિતિની રચના એ ગૌણ સમિતિ તરીકે કરવામાં આવેલી છે. આ સમિતિઓની મુદત ૧ વર્ષની જ હોય છે.

આ સમિતિઓની મુદત ફેબ્રુઆરી અંતિત પૂર્ણ થઈ જવા પામેલ છે. તાજેતરમાં ખાસ સામાન્ય સભા તેમજ આચાર સંહિતા હોવાને કારણે નાણાંકીય કામકાજ અર્થાત બજેટ સિવાયની કામગીરી કરવાની રહેતી ન હોવાથી આ સમિતિઓની રચનાની કામગીરી બાકી રહી છે.

આ સમિતિઓની પુનઃ રચના તેમજ રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી હાથ ધરવાના વિકાસ કામોને મંજૂરી સામાન્ય સભાની મેળવવી જરૂરી હોવાથી આગામી માસમાં વધુ એક વખત સામાન્ય સભા બોલાવવામાં આવશે.

પંચાયતમાં હાલ આ બે સમિતિઓ અસ્તીત્વમાં ન હોવાથી કોંગ્રેસ પક્ષ તેના સભ્યોમાં કોઈપણ પ્રકારનો અસંતોષ ઉભો ના થાય તે માટે વિશેષ કાળજી રાખી તાબડતોબ સામાન્ય સભા બોલાવી રચના કરાશે તેમ કોંગ્રેસના વર્તુળોનું માનવું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com